# <u>ઋણ સ્વીકાર:</u>

બાળપણથી જ નિરીક્ષણની ટેવ! ઘરમાં પહેલી મોટી દીકરી હું તેથી ભાઈ-બહેન વચ્ચેનો ભેદભાવ ન'તો. ત્યારથી જ મા, કાકી, દાદી, નાની, ફોઇ, બહેનો, બહેનપણીઓ વગેરે સાથે વાત-ચીતમાં કોઈને કોઈ રીતે પુરુષ દ્વારા થતાં ભેદભાવમાં તેમનો સામાજિક સંઘર્ષ વર્તાતો હતો. તરુણાવસ્થામાં પ્રવેશતાં વડીલો અમુક વાતે ટોકતાં, ઘરની સ્ત્રીઓ કહેતી 'છોકરી થઈ, આટલું તો આવડવું જ જોઈએ. પરણીને સાસરે જઈને શું કરશો?' વાંચવાનો શોખ હોવાથી આખો દિવસ પુસ્તક લઈને બેસીએ તો વાંચતાં સમયે આવા વાક્યોનો સામનો થતો. ત્યારે તો અવગણી કાઢ્યું. શાંત સ્વભાવને લીધે સામનો કરવાનું ટાળતી. વાંચતી ગઈ.. ભણતી ગઈ....વિજ્ઞાન વધુ પ્રિય હોવાથી સામાજિક સ્તરે આ પ્રકારના પ્રશ્નો વિષે વિચારવાનું છોડી દીધું હતું. ૧૨ સાયન્સ પછી બી.એ.માં પ્રવેશ મેળવ્યો. અંગ્રેજી અને બાદમાં ગુજરાતી વિષયમાં 'નારીવાદ'નો અભ્યાસ કરતાં ફરીથી સામાજિક સ્તરે જે-જે સ્તરે ભેદભાવ થતો ગયો, તેમ-તેમ તે વિષે વિચારવા અને નિરીક્ષણ માટે ફરીથી અવકાશ પ્રાપ્ત થયો. સમાધાનમાંથી રસ ઊડી ગયો, સમજ કેળવાતી ગઈ!

નેટ પાસ કરતાં **ડૉ. ભરત પંડ્યા સર** પાસેથી મારા જ રસ પ્રમાણેનો વિષય મેળવ્યો.. નવલકથાઓની પસંદગીમાં **પ્રો. ભરત મહેતા**એ ખૂબ મદદ કરી. સતત મારા સંશોધનનાં સંઘર્ષમાં **ગુરુ ભરત પંડ્યા**એ સતત સાથ આપ્યો. તેથી તેમની આજીવન ઋણી રહીશ. આ ઉપરાંત, **પ્રો. રાજેશ પંડ્યા, પ્રો. ભરત મહેતા, પ્રો. નીતા ભગત, પ્રો. જયેશ ભોગાયતા, પ્રો. પુંડલિક પવાર, ડૉ. કાન્તિ માલસતર, પ્રો. દીપક રાવલ અને ડૉ. દર્શિની દાદાવાલાએ** અભ્યાસકીય ઘણી મદદ કરી તેથી તે સૌનો હૃદયપૂર્વક આભાર માનું છું. સંશોધક **મિત્રો રાજેન્દ્રભાઇ (બંને), અનિતાબેન, જિજ્ઞાબેન, મૌલિકાબેન, જલ્પાબેન, ઊર્વશીબેન, હેમંતભાઈ, ગિરીશભાઈ, પ્રકાશભાઈ, દિલીપભાઇ, જિગ્નેશભાઈ, યોગેશભાઈ, કનુભાઈ, કોશાબેન, બરખા, રાઘવ અને અન્ય સૌ મિત્રો** સાથેની ચર્ચામાં સાહિત્ય વિષયક ચર્ચાને કારણે જિજ્ઞાસા કાયમ પ્રજ્વળતી રહી તે માટે સૌનો આભાર! **મંગળકાકા અને જાગૃતિબેનનો** સહાય માટે ખૂબ ખૂબ આભાર.

શ્રીમતી હંસા મહેતા લાઈબ્રેરી જે મારું બીજું ઘર છે. ત્યાનાં **પ્રકાશ સર, મયંક સર અને સૌ સ્ટાફનાં સભ્યોનો** અવિરત મદદ માટે હૃદયપૂર્વક આભાર. સેંટ્રલ યુનિવર્સિટી ઑફ ગુજરાતનાં મારા સહઅધ્યાપકો **વિજેતાબેન અને ગુરુસમા ડૉ. દીપક ભટ્ટ અને ડૉ. રમેશ વેગડા**નો આભાર માનું છું. મારા વિદ્યાર્થીઓને પણ અહીં યાદ કરું છું. **પ્રતિભા મેડમ, ભવદીપ અને નંદની**નો પણ સ્નેહ માટે આભાર. મિત્રો જે જીવનમાં પડછાયાસમા છે, તેઓને આ ક્ષણે અચૂક યાદ કરવા પડે. **માનસી, પીનલ, તેજસ, ભાગ્યશ્રી, રાઘવ, નિખિલેશ, અંકિત, નૂપુર, સૂચિ, ઇશ્વરી** સૌને પ્રેમ પાઠવું છું. શોધનિબંધના ટાઈપિંગમાં મદદ કરનાર **તેજસ, સુદીપ, સ્નેહા અને ઋષિ**નો ખૂબ ખૂબ આભાર.

પિતા **ભરતભાઇ જોષી**એ બાળપણથી કળા અને વિજ્ઞાનનાં સંસ્કાર સમાંતરે સિંચ્યા, માતાની ચપળતા અને તેજ હંમેશ શિક્ષણ ક્ષેત્રે કામે લાગ્યા. બાળપણથી કેળવણી માટે ખાસ તો માતા **સ્મિતાબેન જોષી**ની ઋણી રહીશ. મારા સાસરી પક્ષે પણ કોઈ એક દિન માટે પણ અજાણ્યાપણું નથી અનુભવાયું. પિયરની ખોટ નથી સાલી, તે માટે પિતા **કમલેશભાઈ દવે** અને માતા **નીતાબેન દવે**નો આભાર. માતા નીતાબેન હંમેશા પુસ્તકોમાં રસ ધરાવે, વાંચે અને સમીક્ષા પણ કરે. શોધ નિબંધથી લઈને લેખ સુધી બધું વાંચીને તેમાં દિશાનિર્દેશ કરવા માટે અને સમયની મોકળાશ આપીને સંશોધનનાં છેલ્લા દિવસોમાં જમવાની થાળી હાથમાં દઈ જવા તેમની આજીવન ઋણી રહીશ. પિતા કમલેશભાઈને આત્મ-વિશ્વાસ આપવા માટે અને મારા કાર્યમાં રસ દાખવવા માટે આભાર. **બહેન સ્નેહા, ભાઈ ઋષિ, ભાણી જિયાના**ને ખૂબ પ્રેમ પાઠવું છું. **અવની દીદી અને વિન્ની જીજાજી**ને પણ અત્રે યાદ કરું છું. સુદીપ તારા વગર તો આ બધું શક્ય ન બનતું. મારા સૌથી નિકટનાં મિત્ર બનવા માટે આભાર! **મારા નરેન્દ્ર દાદા, ધર્મિષ્ઠા બા, રજનીકાંત દાદા, રતિકાન્તા બા, પરસન બા અને નિર્મળા બા**ને સત સત વંદન!